અપીલ અરજી નં.૨૩૬ તા.૧૯–૧૧–૦૮

અરજદારઃ શ્રી રમેશ કે. જાંગીડ
સામાવાળાઃ(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન
(૨) ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ

**હુકમઃ–**

**વિષય :**–આર ટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા.૩૦–૮–૦૮ની અરજીથી (૧) રીંગરોડ સ્થિત સેન્ટર પોઈન્ટ બિલ્ડીંગમાં હાલ જે ડ્રેનેજ જોડાણ (લાઈન) છે તે કેટલા ઈંચની છે? આ જોડાણ કઈ દિશામાં તથા કયા ચેમ્બર્સમાં જોડેલું છે (૨) આ ડ્રેનેજ લાઈન કોર્પોરેશનના કયા અધિકારીની દેખરેખ હેઠળ તથા કયા કોન્ટ્રાકટર ધ્વારા જોડેલું છે વિગેરે મુદ્દા નં.૧ થી ૫ માહિતી આપવા બાબત.
સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૧૯–૧૧–'૦૮ ની અપીલ અરજી નં.૨૩૬/૨૦૦૮–૦૯

શ્રી રમેશ કે. જાંગીડની તા.૩૦–૮–૦૮ની અરજીથી (૧) રીંગરોડ સ્થિત સેન્ટર પોઈન્ટ બિલ્ડીંગમાં હાલ જે ડ્રેનેજ જોડાણ (લાઈન) છે તે કેટલા ઈંચની છે? આ જોડાણ કઈ દિશામાં તથા કયા ચેમ્બર્સમાં જોડેલું છે (૨) આ ડ્રેનેજ લાઈન કોર્પોરેશનના કયા અધિકારીની દેખરેખ હેઠળ તથા કયા કોન્ટ્રાકટર ધ્વારા જોડેલું છે વિગેરે મુદ્દા નં.૧ થી ૫ માહિતી આપવા બાબતે ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં.ટીડીઓ/૨૭૯૬ તા.૨૩–૯–૦૮ થી આપેલ જવાબમાં માંગેલ માહિતી અધૂરી હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૯–૧૧–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત પૂરક માહિતીની વિગતો વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૮૦૬ તા.૨૧–૧૧–૦૮ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન તથા ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી શહેર વિકાસને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને શહેરી વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સે.ઝોન કક્ષાએથી રાઈટ ટુ ઈન્ફર્મેશન સે.ઝોન/૧૧૨૦ તા.૧૯–૧૨–૦૮ થી અત્રેના વિભાગને માહિતી મળેલ છે. જયારે ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી તેમના પત્રનં.ટીડીઓ/૩૭૮૮ તા.૧૫–૧૨–૦૮ થી થી વિગતો અત્રે મળેલ છે. જે અનુસાર ડાયરેકટર ઓફ પ્લાનીંગ તરફથી કોર્મશીયલ ઉપયોગ તથું હોવાનુ જણાવી તે સબબ કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી તેવો જવાબ અરજદારને પાઠવેલ છે. જયારે બીયુસી બાબતે સદર પ્રશ્નવાળી મિલ્કતમાં બીયુસી લેવું જરૂરી છે. અરજદારે અરજી કરેલ ન હોય બીયુસી આપેલ નથી અને કાર્યવાહી થયેલ નથી આ રીતે તેમને સ્પર્શતા મુદ્દા નં.૩ અને ૪ નો જવાબ અરજદારને પાઠવેલ છે. પરંતુ અરજદારના મુદ્દા નં.૩ અંગે " વિભાગે મિલ્કતધારક વિરુધ્ધ હોઈ કાર્યવાહી કરવાની હોય છે કે કેમ? તથા કાર્યવાહી કરવામાં આવી ન હોય તો કયા કારણસર? તેની માહિતી તથા મુદ્દા નં.૪ અંગે "હેતુફેર વિના કોમર્શીયલ ઉપયલગ બાબતે વિભાય ધ્વારા શી કાર્યવાહી કરવાની હોય છે? તેની વિગતો પૂરી પાડેલ નથી. જયારેશહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિારી સેન્ટ્રલ ઝોન કક્ષાએથી સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૦૬૯ તા.૮–૧૨–૦૮ થી લગભગ બે માસ અને દસ દિનના વિલંબથી મુદ્દા નં.૧,૨ અને ૫ ની માહિતી આપ્યાની નકલ રજુ કરેલ છે જે અનુસાર મુદ્દા નં.૩ તથા ૪ અંગે તેમના પત્ર તા.૨૦–૯–૦૮ થી અરજી શહેર વિકાસ વિભાગમાં તબદીલ કર્યાનું જણાવી મુદ્દા નં.૧ની પૂરી માહિતી આપેલ છે. મુદ્દા નં.૨ અંગે રેકર્ડ ઉપલબ્ધ નહીં હોવાનું જણાવેલ છે. જે ડ્રેનેજ લાઈન કયા અધિકારીની દેખરેખ હેઠળ તથા કયા કોન્ટ્રાકટર ધ્વારા પુર્ણ થયેલ તે લગતી છે. તથા મુદ્દા નં.૩ અંગે મિલ્કત ધારક પાસેથી વસુલ લેવાયેલ રકમની માહિતી આપેલ છે. પરંતુ મિલ્કત ધારક વિરુધ્ધની કાર્યવાહી કરવાની હોય છે? શી કાર્યવાહી કરી? તથા તે અંગેની નકલો પૂરી પાડેલ નથી. માહિતીના ઈન્કાર માટે કોઈ અપવાદ ઉપસ્થિત કર્યાનું જણાતું નથી.

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૩૦–૮–૦૮ ની અરજીથી માંગ્યા મુજબની માહિતી પૈકી મુદ્દા નં. ૫ અંગે નહીં પૂરી પડાયેલ માહિતી દિન–૭ માં અત્રેની જાણ હેઠળ આરટીઆઈ એકટની કલમ–૭ (૬) હેઠળ પૂરી પાડવા શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન તથા મુદ્દા નં.૪ અને ૫ ની બાકી આંશિક માહિતી આરટીઆઈ એકટની કલમ–૭ (૬) હેઠળ દિન–૭ માં પૂરી પાડવા ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧૨ –૦૮.

ડે.**કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ,**
(૧)શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી,સેન્ટ્રલ ઝોન તથા ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી,શહેર વિકાસ ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી રમેશ કે. જાંગીડ,